# Virtual Meeting between Foreign Ministers of India and Oman

December 02, 2020

## ભારત અને ઓમાનનાં વિદેશ મંત્રીઓ વચ્ચે વર્ચ્યુઅલ બેઠક

ડીસેમ્બર 02, 2020

ભારતનાં વિદેશ મંત્રીએ આજે ઓમાનનાં વિદેશ મંત્રી મહામહિમ સૈયદ બદ્ર બિન હમાદ બિન હમૂદ અલબુસૈદી સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. આ મંત્રીઓએ દ્વિપક્ષિય, પ્રાંતિય અને બહુપક્ષિય મુદ્દાઓ પર વ્યાપક ચર્ચાઓ કરી હતી.

ઓમાનનાં આધુનિક નવજીવનનાં 50માં રાષ્ટ્રિય દિવસનાં અવસર પર વિદેશ મંત્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. તેણે કોવિડ-19 દરમિયાન ભારતીય સમુદાયને સહાય કરવા બદલ અને અદ્ભૂત સહકાર બદલ વિદેશ મંત્રી સૈયદ બદ્ર અને ઓમાન સરકારનો આભાર માન્યો હતો. બન્ને પક્ષો આ મહામારીમાંથી નીકળી રહેલા ચાલું પડકારોને સંબોધવા નિકટતાથી કાર્ય કરવાનું ચાલું રાખવા સંમત થયા હતા.

વિદેશ મંત્રી અને ઓમાનનાં વિદેશ મંત્રીએ સંરક્ષણ અને સુરક્ષા, આર્થિક સહકાર, ક્ષમતા નિર્માણ અને તાલીમ, રાજદ્વારી મુદ્દાઓ અને લોકો-થી-લોકો વચ્ચેનાં જોડાણો સહિતનાં ભારત-ઓમાન વ્યૂહાત્મક ભાગીદારીનાં મહત્વનાં ક્ષેત્રોમાં સહકારની સમીક્ષા કરી હતી. તેઓએ નોંધ લીધી હતી કે બન્ને અર્થતંત્રો વચ્ચે પ્રબળ પૂરકતાને ધ્યાનમાં લેતા આર્થિક ભાગીદારીનું વિસ્તરણ કરવાની ભારે સંભાવના રહેલી છે. તેઓએ આગામી સમયમાં આરોગ્ય અને અન્ન સુરક્ષાની અગત્યતા અને તેઓને સંબોધવા માટે બન્ને દેશોની ભાગીદારીની ક્ષમતા પર ભાર મૂક્યો હતો. મંત્રીઓએ પ્રાંતિય અને બહુપક્ષિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું અને બહુરક્ષિય મંચો પર નિકટનો સહકાર જાળવી રાખવા સંમત થયા હતા.

વિદેશ મંત્રીએ ઓમાન-ભારત ફ્રેન્ડશિપ એસોસિએશન સ્થાપવાનાં ઓમાનની ભાવનાની પ્રશંસા કરી હતી.

**નવી દિલ્હી**
**ડીસેમ્બર 02, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.